# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-03-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં પેટ્રોલ-ગેસ સહિત જરૂરી ચીજવસ્તુઓનો જથ્થો અને વિતરણ વ્યવસ્થાની સમીક્ષા કરી**
2) **મુખ્યમંત્રીએ રાજકોટને 751 કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોની ભેટ આપી.**
3) **અમદાવાદ ગુના શાખાએ 2 કરોડ રૂપિયાથી વધુની બનાવટી ચલણી નોટ મામલે વધુ એક શખ્સની ધરપકડ કરી**
4) વડોદરા રેલવે મથક પર રાજ્યનો પ્રથમ ડિજિટલ પ્રતિક્ષા ખંડ ખુલ્લો મુકાયો
5) રાજ્યમાં આવતીકાલથી બે દિવસ માવઠાની આગાહી
6) **સેલ્યુટ તિરંગા ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ગુજરાતના હર્ષ દેસાઇએ 10 બોલમાં અડધી સદી નોંધાવી રેકોર્ડ સર્જ્યો.**

--------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM MEET

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ગાંધીનગરમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં રાજ્યમાં પેટ્રોલ-ડિઝલ-ગેસ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો, વિતરણ વ્યવસ્થા અને લોકોને તે સરળતા ઉપલબ્ધ થાય તે માટેની વ્યવસ્થાઓની સમીક્ષા કરવામાં આવી.**

**બેઠકમાં ગેસ, પેટ્રોલ, ડીઝલ, ખાતર સહિતની આવશ્યક ચીજ વસ્તુઓનો પૂરતો જથ્થો સુનિશ્ચિત કરાયો. બેઠક અંગે વધુ માહિતી આપતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું, શ્રમિકોને મહેનતાણાની ચૂકવણી સમયસર થાય તે અંગે સબંધિત વિભાગોને સૂચના અપાઈ છે. ઉપરાંત રાજ્યમાં પુરવઠા શૃંખલા જળવાઈ રહે તે માટે મુખ્ય સચિવની અધ્યક્ષતામાં રાજ્ય સ્તરીય સંકલન સમિતિની રચના કરાશે તેમ શ્રી સંઘવીએ ઉમેર્યું.**

(બાઇટ : હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી)

# PNG ROUND TABLE

શહેરી બાબતોના મંત્રી મનોહર લાલ, પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરી અને ગ્રાહક બાબતોના મંત્રી પ્રહલાદ જોશીએ આજે દિલ્હીમાં પાઇપ્ડ નેચરલ ગેસ અંગે એક ગોળમેજી સમીક્ષા બેઠક યોજી. જેમાં ભારતમાં PNG નેટવર્ક વિસ્તરણને વેગ આપવા ચર્ચા કરાઈ.

સભાને સંબોધતા, પેટ્રોલિયમ મંત્રીએ PNG ઇન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવાના મહત્વ પર ભાર મૂક્યો.

ગૃહનિર્માણ અને શહેરી બાબતોના મંત્રીએ PNG વિસ્તરણને વેગ આપવા માટે મિશન-મોડ અમલીકરણ માટે હાકલ કરી. કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ અવિરત આવશ્યક પુરવઠો જાળવવા અને ઇંધણના કાળાબજારને રોકવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

# CM RAJKOT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે રાજકોટને 751 કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોની ભેટ આપી. તેમણે મહાનગરપાલિકાના 207 કરોડના 5 પ્રકલ્પોનું લોકાર્પણ અને 543 કરોડના કુલ 40 પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કર્યું. તેમણે એક હજારથી વધુ આવાસોનું પણ લોકાર્પણ કર્યું. આ પ્રસંગે શ્રી પટેલે નાણાના અભાવે વિકાસનું કોઈ પણ કામ અટકે નહીં અને દરેક કામો ગુણવત્તા સાથે થાય તેવી નેમ વ્યક્ત કરી હતી.

(બાઇટ : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

# FAKE NOTE ACCUSED

અમદાવાદમાં 2 કરોડ રૂપિયાથી વધુની બનાવટી ચલણી નોટ મામલે અમદાવાદ ગુના શાખાએ વધુ એક શખ્સ ભાવેશ ગજેરાની ધરપકડ કરી છે. તેણે બનાવટી ચલણી નોટો સપ્લાય કરવાની ખાતરી આપી હતી. આ અંગે ગુના શાખાના PI એસ.જે.જાડેજાએ વધુ માહિતી આપી.

(બાઇટ : એસ.જે.જાડેજા, PI, ક્રાઇમ બ્રાન્ચ)

# GREAT INDIAN BUSTARD

વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે ગુજરાતને ઐતિહાસિક સફળતા મળી છે. કચ્છમાં એક દાયકા બાદ ઘોરાડના બચ્ચાનો જન્મ થયો છે. રાજસ્થાનથી લવાયેલ ફલિત ઈંડામાંથી આ

બચ્ચું જન્મ્યું છે. ઓપરેશન એગ ટ્રાન્સફર'થી આ સંરક્ષણ પ્રયોગ સફળ રહ્યો છે. માદા ઘોરાડ અને બચ્ચા પર હાલ સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.

# CHOTAUDEPUR-MANISHA-VAKIL

છોટાઉદેપુર જિલ્લાના પ્રભારી મંત્રી ડૉ. મનિષાબેન વકીલના હસ્તે "ઓરસંગ આદિ વિકાસ ધારા પોર્ટલ"નું લોન્ચિંગ કરવામાં આવ્યું."ઓરસંગ આદિ વિકાસધારા પોર્ટલ" છોટાઉદેપુર જિલ્લામાં થતા વિવિધ વિકાસના કામોમાં પારદર્શકતા લાવવા અને ચોક્કસ મોનીટરીંગના હેતુથી વિકસાવ્યું છે. આ વેબ પોર્ટલ "સશક્ત આદિજાતિ, સમૃદ્ધ છોટાઉદેપુર" ના થીમ પાર આધારિત છે."ઓરસંગ આદિ વિકાસધારા પોર્ટલ" દરેક વર્ષે થતા વિવિધ યોજનાઓના આયોજનમાં પારદર્શકતા અને અસરકારકતા લાવશે.

પ્રભારી મંત્રી ડૉ. મનિષાબેન વકીલના અધ્યક્ષસ્થાને સંખેડા મામલતદાર કચેરી ખાતે જિલ્લા આયોજન મંડળની મહત્વની બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન મંત્રીએ 15% વિવેકાધીન તેમજ 5% પ્રોત્સાહક જોગવાઈ હેઠળ કુલ 17 કરોડના 776 વિકાસ કામોની મંજૂરી આપી હતી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગ્યે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સાથે પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમની 132મી કડી હશે. આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શન સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે. તેનું જીવંત પ્રસારણ આકાશવાણી ન્યૂઝ, દૂરદર્શન ન્યૂઝ, PMO અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ કરાશે. હિન્દી પ્રસારણ પછી તરત જ આકાશવાણી પ્રાદેશિક ભાષાઓમાં આ કાર્યક્રમનું પ્રસારણ કરશે.

# VADODARA RAILWAY LOUNGE

**વડોદરા રેલવે મથક પર રાજ્યના પ્રથમ ડિજિટલ લાઉન્જ એટલે કે પ્રતિક્ષા ખંડ ખુલ્લો મુકાયો. આજે સાંસદ ડૉ. હેમાંગ જોશીએ આ લાઉન્જનું ઉદ્ઘાટન કર્યું. જેનાથી મુસાફરોને હવાઈમથક જેવી સુવિધાઓ મળશે, જેમાં 25 પ્રવાસીઓ માટે આધુનિક બેઠક, કોન્ફરન્સ રૂમ, રિફ્રેશમેન્ટ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ રહેશે તેમ શ્રી જોશીએ જણાવ્યું,**

બાઇટ : ડૉ. હેમાંગ જોશી, સાંસદ

# SAMANTA FOUNDATION

સમાનતા ફાઉન્ડેશન ગુજરાત સંસ્થા દ્વારા હાલના પક્ષપાતી કાયદાઓ સામે પીડિતોના હકનું રક્ષણ અને તેમને ન્યાય અપાવવા માટે અમદાવાદમાં જસ્ટિસ ફોર મેન – એક નિઃશુલ્ક કાનૂની જાગરૂકતા સેમિનાર યોજાશે. આવતીકાલે સવારે 9 થી સાંજે સાડા ચાર સુધી ખાનપુર વિસ્તારમાં ભવન્સ કોલેજ કેમ્પસ ખાતે યોજાનાર આ સેમિનારમાં લિંગ આધારિત કાયદાઓના દુરુપયોગ, જુઠા કેસોમાં કાનૂની બચાવ, અને પીડિતોના હકોની સુરક્ષા અંગે નિષ્ણાતો માર્ગદર્શન આપશે.

# WEATHER

**રાજ્યમાં આવતીકાલથી બે દિવસ માવઠાની આગાહી છે. આવતીકાલે કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં કમોસમી વરસાદ પડી શકે છે. 30 માર્ચે કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને દાહોદમાં વરસાદની શક્યતા છે. જોકે બીજી તરફ તાપમાનમાં ઘટાડો થવાની પણ શક્યતા હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું.**

(બાઇટ : રામાશ્રય યાદવ, વૈજ્ઞાનિક)

# VALSAD TIRANGA CRICKET

વલસાડના વાપીના પરિયા ખાતે ચાલી રહેલી સેલ્યુટ તિરંગા ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ગુજરાતના હર્ષ દેસાઇએ 10 બોલમાં અડધી સદી નોંધાવી રેકોર્ડ સર્જ્યો છે. તેમણે કુલ 23 બોલમાં 83 રન બનાવીને નોટ આઉટ રહી ટીમને મજબૂત સ્થિતિમાં પહોંચાડી હતી.

આ ટૂર્નામેન્ટમાં દેશની ચાર ટીમ ભાગ લઇ રહી છે. ટૂર્નામેન્ટની ફાઇનલ મેચ રવિવારે યોજાશે.

# ANKLESWAR-ISHWARSINH

ગુજરાત સરકારના નેતૃત્વ હેઠળ રાજ્યના શહેરોમાં આંતરમાળખાકીય સુવિધાઓ સુદ્રઢ બની રહી છે, જેના ભાગરૂપે આજે

અંકલેશ્વર ખાતે રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના મંત્રી ઈશ્વરસિંહ પટેલે અંદાજે 7 કરોડ 26 લાખથી વધુના પ્રકલ્પોનું ભૂમિપૂજન કર્યું. આ પ્રસંગે ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું કે, છેવાડાના માનવી સુધી પાયાની સુવિધાઓ પહોંચાડવી એ સરકારની પ્રાથમિકતા છે.  અંકલેશ્વર શહેરના વિવિધ વિસ્તારોમાં 6 કરોડ 87 લાખથી વધુના ખર્ચે આર.સી.સી. રોડ, પેવર બ્લોક અને શહેરના બ્યુટીફીકેશનના કામો કરવામાં આવશે. સાથે સાથે અંક્લેશ્વર તાલુકાના બાકરોલ ગામના પ્રવેશ દ્વારનું લોકાર્પણ પણ કરવામાં આવ્યુ.